# સી.એ. ફર્મની જાહેરાત માટેનું ટેન્ડર

| |
|---|
| સી.એ.ફર્મ/પ્રોપરાઈટરનું નામ : |
| નોધણી નંબર : |
| કોન્ટેક્ટ નંબર : |
| સરનામું: |
| પાન નંબર : |
| જી.એસ. ટી નંબર : |

ફી ની માહિતી

| દૂધ મંડળીની ટર્ન ઓવર રૂ. કરોડમાં | ટેક્ષ ઓડીટ ફી (રીટર્ન સાથે) રૂ. | જી.એસ. ટી ઓડીટ ફી(રીટર્ન સાથે) રૂ. | બીજી કાયદાકીય કામગીરી માટે ફીની રકમ સાથે અલગ બિડાણમાં જોડીને આપવી. |
|---|---|---|---|
| ૦ થી ૫ કરોડ | | | |
| ૫.૧ થી ૧૦ કરોડ | | | |
| ૧૦.૧ થી ૨૦ કરોડ | | | |
| ૨૦.૧ થી ૫૦ કરોડ | | | |
| ૫૦ કરોડ થી ઉપર | | | |

જેના નિયમો નીચે મુજબ છે.

૧ ટેક્ષ કન્સલ્ટન્ટને ફાળવેલ દૂધ મંડળીઓને સરકારી ધારાધોરણ મુજબ સમયાંતરે અને સમયસર ટેક્ષ ઓડીટ અને રિટર્ન ફાઈલ કરવાની જવાબદારી ટેક્ષ કન્સલ્ટન્ટની રહેશે.

૨ સમયમર્યાદામાં ટેક્ષ રિટર્ન ફાઈલ ન કરવાના કિસ્સામાં સરકારના વિવિધ વિભાગો ધ્વારા જો કોઈ દંડ મંડળીને ચુકવવાપાત્ર થશે તો તે ટેક્ષ કન્સલ્ટન્ટની ફી માંથી વસુલ લેવામાં આવશે.

૩ જો કોઈ મંડળી ટેક્ષ રીટર્ન ને લગતી જરૂરી માહિતિ સમયમર્યાદામાં આપતી ના હોય તો તેની ટેક્ષ કન્સલ્ટન્ટે સંઘને લેખિતમાં જાણ કરવાની રહેશે. આવી મંડળીઓમાં ઉભી થતી જવાબદારી જે તે મંડળીની રહેશે.

૪ ટેક્ષ કન્સલ્ટન્ટને ફાળવેલ મંડળીના રિટર્ન ફાઈલ કરાવવા અંગેની બે નકલ બનાવવાની રહેશે. જેની એક નકલ દૂધ મંડળીને અને બીજી નકલ સંઘને સુપ્રત કરવાની રહેશે જેમાં મંડળીને નકલ મળ્યા બદલ મંડળીના સહી–સીકકા કરાવવાના રહેશે.

૫ ટેક્ષ કન્સલ્ટન્ટે ત્રિમાસિક ધોરણે ટેક્ષ રિટર્ન અંગેના જરૂરી ફી માટેના બીલ સંઘને ત્રણ નકલોમાં રીટર્નની એક નકલ સાથે સુપ્રત કરવાના રહેશે.

૬ ઉપરોકત રીતે બીલ પ્રાપ્ત થયા બાદ સંઘ મંડળીમાંથી સદર રકમ કપાત કરી અને જો ટેક્ષ કન્સલ્ટન્ટ પાસે વસુલાતપાત્ર રકમ હોય તો તે કપાત કર્યા બાદ ટેક્ષ કન્સલ્ટન્ટને ચુકવી આપવામાં આવશે.

૭ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરતી વખતે દરેક પ્રકારની ટેક્ષેબલ આવક ટેક્ષ કન્સલ્ટન્ટે દર્શાવવાની રહેશે અને જો ટેક્ષ કન્સલ્ટન્ટ ધ્વારા જાણી બુઝીને આવી ટેક્ષેબલ આવક છુપાવવામાં આવતી હશે તો તેવા ટેક્ષ કન્સલ્ટન્ટ સામે યોગ્ય દંડ અથવા કોન્ટ્રાકટ રદ કરવા સુધીના પગલાં ભરવામાં આવશે.

૮ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરતી વખતે ટેક્ષેબલ ઈન્કમ જાણીબુઝીને છુપાવવામાં આવતી હોય અને તેને ધ્યાનમાં ના લીધેલ હોય અને પાછળથી કોઈપણ જવાબદારી ઉભી થાય તો તે ટેક્ષ કન્સલટન્ટની રહેશે.

૧૦ કોઈપણ રીટર્ન સંબંધે સરકારશ્રીના જે તે વિભાગ ધ્વારા મંડળીને નોટીસ કે પત્ર આવે તો તેવા નોટીસ કે પત્રોના સમયમર્યાદામાં જવાબો કરવા તથા તે કેસનું નિરાકરણ લાવવાની જવાબદારી જે તે ટેક્ષ કન્સલ્ટન્ટની રહેશે.

૧૧ સંઘ ધ્વારા ઉપરોકત કામગીરી માટે ૩ વર્ષનો સર્વિસ કોન્ટ્રાકટ આપવામાં આવશે જેને જરૂર જણાયે વધુ એક વર્ષ માટે જરૂરી મંજુરી મેળ્યેથી લંબાવી શકાશે.

૧૨ ટેક્ષ કન્સલટન્ટની ફર્મ ધ્વારા ફર્મની વિગતોમાં કવોલીફાઈડ સ્ટાફના આધાર પુરાવાઓ તથા વધુમાં વધુ કેટલી સંખ્યામાં ટેક્ષ ઓડીટ કરી શકશે તેની વિગતો જણાવવાની રહેશે.

૧૩ ટેન્ડર ફોર્મની ફી રૂા.૧૦૦/– રહેશે.

૧૪ સદર બાબતો માટે કોઈપણ ફેરફાર અથવા પ્રશ્નનું નિરાકરણ માટે સંઘના નિયામક મંડળ તથા એમ.ડી.શ્રી નો નિર્ણય આખરી રહેશે.